# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**તા. 08/06/2023ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ**

ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભાની **વર્ષ 2023-24ની પ્રથમ બેઠક તા. 08-06-2023 ને ગુરુવારના રોજ સવારે 11-30** વાગ્યે આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં પરિસંવાદ ખંડ, મ.દે. સમાજસેવા સંકુલમાં રૂબરૂ તથા ઓનલાઇન મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

(1) ડૉ. ભરતભાઈ જોશી : અધ્યક્ષશ્રી (કુલનાયક, ગૂ.વિ., અમદાવાદ)

(2) ડૉ. કનૈયાલાલ નાયક : સભ્યશ્રી, (ડીન, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, અમદાવાદ.)

(3) ડૉ. દિપુબા દેવડા : સભ્યશ્રી, (ડીન, શિક્ષણ વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, અમદાવાદ.) (ઓનલાઇન)

(4) ડૉ. પ્રેમ આનંદ મિશ્ર : સભ્યશ્રી (ડીન, ગાંધીદર્શન અભ્યાસક્રમ વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ગાંધીદર્શન વિભાગ, અમદાવાદ, અને આમંત્રિત સભ્ય, સંયોજક, IQAC ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

(5) ડૉ. જગદીશચંદ્ર સાવલિયા : સભ્યશ્રી (ડીન, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, સાદરા.)

(6) ડૉ. નીરજભાઈ શેઠ : સભ્યશ્રી (ડીન, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગ, સાદરા.) (ઓનલાઇન)

(7) ડૉ. સંજયભાઈ મકવાણા : સભ્યશ્રી (ઇન્ચાર્જ ડીન, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, અમદાવાદ)

(8) ડૉ. જ્યોતિબહેન લાંબા : સભ્યશ્રી (ઇન્ચાર્જ વિભાગીય અધ્યક્ષ, હિન્દી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ.)

(9) ડૉ. અરુણભાઈ ગાંધી : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(10) ડૉ. બંકિમચંદ્ર વસૈયા : સભ્યશ્રી (ઇન્ચાર્જ વિભાગીય અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(11) ડૉ. અશ્વિનભાઈ ચૌહાણ : સભ્યશ્રી (ડીન, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, અમદાવાદ) (ઓનલાઇન)

(12) ડૉ. પ્રયત્કરભાઈ કાનડિયા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(13) ડૉ. મયૂરીબહેન ફાર્મર : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, રાંધેજા.)

(14) ડૉ. અતુલભાઈ પરમાર : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, સાદરા.)

(15) ડૉ. ધીરેનભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(16) ડૉ. રાજીવભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, રાંધેજા અને આમંત્રિત સભ્ય, સંયોજકશ્રી, મ.દે. રાંધેજા.)

(17) ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.) (ઓનલાઇન)

(18) ડૉ. જગદીશચંદ્ર ગોઠી : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(19) શ્રી રણછોડભાઈ ચૌહાણ : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક) અમદાવાદ. (ઓનલાઇન)

(20) ડૉ. રૂચિતાબહેન શાહ : સભ્યશ્રી (મદદનીશ પ્રાધ્યાપક, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, અમદાવાદ.) (ઓનલાઇન)

(21) શ્રી રતિલાલ અમીન : સભ્યશ્રી (મદદનીશ પ્રાધ્યાપક, ગાંધીદર્શન વિભાગ, ગાંધીદર્શન અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ.) (ઓનલાઇન)

(22) ડૉ. કમલેશભાઈ પટેલ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, યોગ વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા અને આમંત્રિત સભ્ય, સંયોજક, મ.દે. સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

(23) શ્રી રાજેન્દ્રભાઈ જોષી : સભ્યશ્રી, (આમંત્રિત સભ્ય, સંયોજક, મ.દે. ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.)

(24) ડૉ. એસ. આર. દવે : સભ્યશ્રી, (નિવૃત્ત પ્રાધ્યાપક, કુલનાયકશ્રી દ્વારા નિયુક્ત શિક્ષણશાસ્ત્રી, અમદાવાદ.) (ઓનલાઇન)

(25) ડૉ. નિખિલ ભટ્ટ : સચિવશ્રી (કા. કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.)

(1) શ્રી વિશાલભાઈ ભાદાણી (2) ડૉ. નિમિષાબહેન શુક્લ, સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, અમદાવાદ) (3) ડૉ. મહેશભાઈ ગામીત, સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ) અનુપસ્થિત રહેવા અંગે અગાઉ જાણ કરી હતી.

(1) ડૉ. જયપ્રકાશભાઈ પંડ્યા, સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ) (2) ડૉ. ડાહ્યાભાઈ પટેલ, સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ) (3) ડૉ. પુનિતાબહેન હર્ણે, સભ્યશ્રી (પ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ) (4) ડૉ. મુંજાલ ભીમડાદકર, સભ્યશ્રી (પ્રાધ્યાપક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ) (5) ડૉ. અજયભાઈ પરીખ, સભ્યશ્રી (ડીન, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, અમદાવાદ.) (6) શ્રી ઉષાબહેન પટેલ, સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગૃહવિજ્ઞાન વિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.) (7) શ્રી કિશોરભાઈ જોશી (8) શ્રી ગૌરાંગભાઈ જાની અનુપસ્થિત રહ્યા હતા.

શ્રી પીયૂષભાઈ શાહ, પરીક્ષા શાખા અધ્યક્ષ તથા વિદ્યાકીય શાખા તરફથી ઇ. મદદનીશ કુલસચિવ શ્રી કૌશિકભાઈ પટેલ અને વિભાગીય અધિકારી શ્રી હેમંતભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

**આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.**

કાર્ય-1 તા. 10-03-2023ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ-1 તા. 10-03-2023ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-2 પરીક્ષા વિભાગ દ્વારા તૈયાર કરાયેલ કોમન ટ્રાન્સ્ક્રીપ્ટના માળખાંને મંજૂરી આપવા બાબત.

ઠરાવ-2 પરીક્ષા વિભાગ દ્વારા તૈયાર કરાયેલ કોમન ટ્રાન્સ્ક્રીપ્ટના માળખાંને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-3 યૌગિક આર્ટ અને વિજ્ઞાન અનુસ્નાતક (MYASc.) અભ્યાસક્રમમાં રજતચંદ્રક "શ્રી કિરણકુમાર ચંદ્રકાન્ત શાહ"ના નામે તથા M.Sc. Microbiology અભ્યાસક્રમમાં રજતચંદ્રક "સ્વ.શ્રી કપિલાબેન સાંકળચંદ પટેલ"ના નામે એનાયત કરવા ડૉ. ગીતા કિરણકુમાર શાહ દ્વારા પ્રાપ્ત થયેલા દાનના સ્વીકાર બાબત.

ઠરાવ-3 યૌગિક આર્ટ અને વિજ્ઞાન અનુસ્નાતક (MYASc.) અભ્યાસક્રમમાં રજતચંદ્રક "શ્રી કિરણકુમાર ચંદ્રકાન્ત શાહ"ના નામે તથા M.Sc. Microbiology અભ્યાસક્રમમાં રજતચંદ્રક "સ્વ.શ્રી કપિલાબેન સાંકળચંદ પટેલ"ના નામે એનાયત કરવા ડૉ. ગીતા કિરણકુમાર શાહ દ્વારા પ્રાપ્ત થયેલા દાનને સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 ડૉ. બળદેવભાઈ ભીખાભાઈ મોરીની ગુજરાતી વિષયમાં Ph.D.ના માર્ગદર્શક તરીકે માન્યતા મેળવવાની અરજી બાબત.

ઠરાવ-4 Ph.D. વિનિયમો-2022 અનુસાર લાયકાતની પૂર્તતા થતી હોવાથી ડૉ. બળદેવભાઈ ભીખાભાઈ મોરીને ગુજરાતી વિષયમાં Ph.D.ના માર્ગદર્શક તરીકે માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-5 શ્રી હિમાંશુ રવિન્દ્રભાઈ નાયકને Ph.D. ગાંધીવિચાર વિષયમાં વિદ્યાસભાની બહાલીની અપેક્ષાએ આપેલ એક વર્ષના મુદત વધારાની મંજૂરી બાબત.

ઠરાવ-5 શ્રી હિમાંશુ રવિન્દ્રભાઈ નાયકને Ph.D. ગાંધીવિચાર વિષયમાં Ph.D. વિનિયમો અંતર્ગત વિદ્યાસભાની બહાલીની અપેક્ષાએ આપેલ એક વર્ષના મુદત વધારાની મંજૂરીને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-6 NEP-2020 અનુસાર/તે સિવાયના નીચે મુજબના અભ્યાસક્રમોને મંજૂરી આપવા બાબત.

| ક્રમ | વિષય | અભ્યાસક્રમ | અન્ય નોંધ |
|---|---|---|---|
| 1. | ગુજરાતી | બી.એ. ગુજરાતી સત્ર-1 અને સત્ર-2 | |
| 2. | અંગ્રેજી | 1. બી.એ. અંગ્રેજી સત્ર-1 અને સત્ર-2<br>2. મલ્ટિડિસિપ્લિનરી પેપર બી.એ. સત્ર-1 માટે<br>3. ફરજિયાત અંગ્રેજીનું પ્રશ્નપત્ર (B.A., BRS, B.Sc./Micro/Food & Nutri., B.P.E.S. માટે)<br>4. એમ.એ. અંગ્રેજી સત્ર-1 અને સત્ર-2 (જૂનો અભ્યાસક્રમ) | |
| 3. | ઇતિહાસ | બી.એ. સત્ર-1 થી સત્ર-4 | |
| 4. | સમાજશાસ્ત્ર | બી.એ. સમાજશાસ્ત્ર સત્ર-1 અને સત્ર-2 | |
| 5. | ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન | 1. B.L.I.Sc. સત્ર-1 અને સત્ર-2<br>2. M.L.I.Sc. સત્ર-1 અને સત્ર-2 | |
| 6. | BRS | BRS (ગ્રામ આયોજન અને વિકાસ) સત્ર-1 અને સત્ર-2 | |
| 7. | Microbiology | B.Sc Microbiology Sem.1 & Sem.-2 | |
| 8. | કોમ્પ્યૂટર વિજ્ઞાન | 1. બી.સી.એ. સત્ર-1 થી સત્ર-8 (NEP-2020)<br>2. બી.સી.એ. સત્ર-3 થી સત્ર-6 (જૂનો અભ્યાસક્રમ)<br>3. એમ.સી.એ. MCA-101, 102, 206, 306 પ્રશ્નપત્રોના જૂના અભ્યાસક્રમમાં સુધારા | |
| 9. | શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન | BPES સત્ર-1 અને સત્ર-2 | |

ઠરાવ-6 ઉપરોક્ત NEP-2020 અનુસાર/તે સિવાયના અભ્યાસક્રમોને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-7 સંશોધન લેખના પ્રકાશન માટે UGCની તા. 16-09-2019ની પબ્લિક નોટીસ બાબત.

ઠરાવ-7 સંશોધન લેખના પ્રકાશન માટે UGCની F.1-1/2018(Journal/CARE-Dt. 16/9/2019)ની પબ્લિક નોટીસને તા. 14-06-2019થી અમલી ગણવાનું ઠરાવવામાં આવ્યું. આ સંદર્ભના આ અગાઉના વિદ્યાસભાના ઠરાવોને ધ્યાને લેવાના રહેશે નહીં.

09/06/2023

(ડૉ. નિખિલ ભટ્ટ)
કા. કુલસચિવ